# Surat Municipal Corporation
# South West (Athwa) Zone

**Tender Notice No. Dy.Commissioner/S.W.(Athwa)Zone/No.01/2026-2027, W.No.:-33**

| |
|---|
| Providing the parking services at the space reserved for "Pay & park" scheme for parking of Science Centre at Citylight Road in South West (Athwa) zone[4th Attempt] |

| | | |
|---|---|---|
| DOWNLOAD OF TENDER DOCUMENTS FROM website smc.nprocure.com | : | From 22/06/2026 to 07/07/2026 upto 18.00 hrs. |
| LAST DATE OF ONLINE SUBMISSION OF THE BID AS PER TENDER | : | Up to 07/07/2026 upto 18.00 hrs |
| LAST DATE OF SUBMISSION OF TENDER FEES, EMD AND OTHER DOCUMENTS IN HARD COPY | : | From 08/07/2026 to 16/07/2026 Chief Accountant, SMC, Tapipura, Surat by R.P.A.D./Speed Post upto 18.00 hrs. |
| Opening of Technical Bid (On line) | : | Dt. 08/07/2026, 11.00 hrs. on wards |
| Opening of Price Bid (On line) | : | Dt. 17/07/2026, 11.00 hrs. Onwards |
| TENDER FEES | : | Rs.1062/- |

**TENDER TO BE SUBMITTED TO:**
**THE CHIEF ACCOUNTANT,**
**SURAT MUNICIPAL CORPORATION, TAPIPURA**
**SURAT – 395 003.**

# "અનુક્રમણીકા"

| અનુ. | વિગત | પાના નં. |
|---|---|---|
| (૧) | ચેકલિસ્ટ | ૪ |
| (૨) | પરિશિષ્ટ – અ | ૬ |
| (૩) | પરિશિષ્ટ – બ | ૭ |
| (૪) | પરિશિષ્ટ – ક | ૮ |
| (૫) | Annexure-D | ૯ |
| (૬) | શરતો | ૧૦ |

# CHECK LIST

# SURAT MUNICIPAL CORPORATION

| Sr. No. | Particulars | To be Submitted with Tech- Bid | | Please √ Mark as for Submission |
|---|---|---|---|---|
| | | file to be attached Online | Hardcopy Submission | |
| (1) | Tender Fee | Yes | DD / PO | |
| (2) | EMD | Yes | DD / PO | |
| (3) | GST Registration certificates | Yes | No | |
| (4) | PAN card No. | Yes | No | |
| (5) | Professional Tax Registration (EC/RC) certificates | Yes | No | |
| (6) | Digitally signed Partnership Agreement/ Partnership Deed/ power of attorney/Board Resolution in case of semi government/ government Organization for being the tender documents etc. **(if applicable)** (pdf file to be uploaded with tech bid) | Yes | No | |
| (7) | Power of attorney for signing tender document etc**. (if applicable)** | Yes | No | |
| (8) | Passport size Photograph tenderer & each partner or as the case may be (see page no. 25) | Yes | No | |
| (9) | **Solvency certificate** from bankers of Nationalized/ Scheduled bank for the 20% of Tender Amount. **<u>(not elder than 01 (one) year).</u>** | Yes | No | |
| (10) | Digitally signed CA Certificate showing financial **<u>turnover of last three years</u>** & **<u>Audited balance sheet of last financial year.</u>**(pdf file to be uploaded with tech-bid). | Yes | No | |
| (11) | **<u>Affidavit</u> of the Bidder on non-judicial stamp paper of <u>Rs. 300.00</u>** | Yes | Yes | |
| (12) | **<u>Undertaking By The Tenderer For Not Black Listed</u> On Rs. <u>300/-</u> Government Stamp Paper** | Yes | Yes | |
| (13) | Addenda corrigendum(s) duly sealed/ signed if applicable) | Yes | No | |
| (14) | Terms and Conditions (Sealed Signed) as mentioned in the tender document. | Yes | No | |
| (15) | **<u>Experience letter/Work</u>** | Yes | No | |

| | | | | |
|---|---|---|---|---|
| | **order** of Surat Municipal Corporation, Various department of State Govt., etc. | | | |
| (16) | CHECK LIST | Yes | No | |

**Note: -**

The tenderer should be required to furnish details/ certificates etc. as mentioned above otherwise their offer shall be liable for rejection.

**SEAL & SIGNATURE OF TENDERER: -**

# '' પરિશિષ્ટ – અ ''

સુરત મહાનગરપાલિકાનાં અઠવાઝોનમાં સીટીલાઈટ રોડ પર સાયન્સ સેન્ટર ખાતે આવેલ પાર્કિંગમાં ''પે એન્ડ પાર્ક'' માટે નિયત કરેલ જગ્યામાં પાર્કિંગને લગતી સેવાઓ મુકરર દરે પુરી પાડવા અંગે ઈજારો આપવાનાં કામે ટેન્ડરરે ભરવાની ટેન્ડર ફી, બાનાની રકમ, સીકયુરીટી ડીપોઝીટ, પર્ફોર્મન્સ ગેરન્ટી ડીપોઝીટ તથા વાર્ષિક ઓછામાં ઓછી પરવાના ફીની વિગત :–

| | | | |
|---|---|---|---|
| (૧) | વાર્ષિક ઓછામાં ઓછી પરવાના ફી | : | રૂા.૫,૩૧,૭૮૬/– |
| (૨) | ટેન્ડર ફી (નોન રીફંડેબલ ) | : | રૂા.૧,૦૬૨/– |
| (૩) | ટેન્ડર સાથે ભરવાની બાનાની રકમ | : | રૂા.૫૩,૨૦૦/– |
| (૪) | સીકયુરીટી ડીપોઝીટ | : | મંજુર ઓફર મુજબ ભરવાપાત્ર સમગ્ર સમયગાળાની થતી પુરેપુરી લાયસન્સ ફીની કુલ રકમના ૨% પ્રમાણે ભરવાની રહેશે. |
| (૫) | પર્ફોર્મન્સ ગેરન્ટી ડીપોઝીટ | : | મંજુર થયેલ ઓફર મુજબની ભરવાપાત્ર વાર્ષિક સમયગાળાની માટેની થતી પુરેપુરી લાયસન્સ ફી ની કુલ રકમના ૨૫% પ્રમાણે ભરવાની રહેશે. |

કાર્યપાલક ઈજનેર
સાઉથ વેસ્ટ(અઠવા) ઝોન
સુરત મહાનગરપાલિકા

## " પરિશિષ્ટ – બ "

**સુરત મહાનગરપાલિકાના અઠવાઝોનમાં સીટીલાઈટ રોડ પર સાયન્સ સેન્ટર ખાતે આવેલ પાર્કિંગમાં "પે એન્ડ પાર્ક" નો લાભ લેનાર લાભાર્થીઓ / ગ્રાહકો પાસેથી વસુલ કરવાના પાર્કિંગના મહત્તમ દર**

- **સરકારશ્રીનાં ઠરાવ ક્રમાંક : પરચ/૧૦૨૦૧૮/સીએમ–૪૧૯/પી, તા.૦૫/૧૨/૨૦૧૮ થી મંજુર કરવામાં આવેલ "પાર્કિંગ પોલીસી એન્ડ પાર્કિંગ બાયલોઝ" મુજબ પાર્કિંગનાં દર**

## ઓફ સ્ટ્રીટ – પ્રીમીયમ એરીયા

| **On and Off Street Parking - All Areas** | | | | | |
|---|---|---|---|---|---|
| | **0 to 3 hours** | **3 to 6 hours** | **6 to 9 hours** | **9 to 12 hours** | **12 to 24 hours** |
| **2 - wheelers (Rate In Rupees)** | 10 | 15 | 20 | 25 | 40 |

| **Off Street Parking - Premium Areas** | | | | |
|---|---|---|---|---|
| | **0 to 6 hours** | **6 to 12 hours** | **12 to 18 hours** | **18 to 24 hours** |
| **3 - wheelers (Rate In Rupees)** | 20 | 30 | 45 | 65 |
| **Cars (Rate In Rupees)** | 25 | 40 | 60 | 90 |
| **LCV (Rate In Rupees)** | 35 | 60 | 80 | 110 |
| **HCV (Rate In Rupees)** | 75 | 110 | 165 | 250 |

**Note:** For more than 24 Hours, parking charges shall be computed based on the additional duration of parking as increment from 0. Bicycles and handicapped modified vehicles shall not be charged for parking.

કાર્યપાલક ઈજનેર
સાઉથ વેસ્ટ(અઠવા) ઝોન
સુરત મહાનગરપાલિકા

# " પરિશિષ્ટ – ક "

## " પે એન્ડ પાર્ક " ના સ્થળ / ક્ષેત્રફળ દર્શાવતા પત્રક

| અનુક્રમ | સ્થળની વિગત | ક્ષેત્રફળ (ચો.મી.) |
|---|---|---|
| (ક) | સુરત મહાનગરપાલિકાનાં અઠવાઝોનમાં સીટીલાઈટ રોડ પર સાયન્સ સેન્ટર ખાતે આવેલ પાર્કિંગ | ૫૨૬૨ ચો.મી. |

કાર્યપાલક ઈજનેર
સાઉથ વેસ્ટ(અઠવા) ઝોન
સુરત મહાનગરપાલિકા

**SURAT MUNICIPAL CORPORATION**

# Annexure-D

## General Information of Contractor

**Name Of work:** Tender for Pay & Park Scheme in parking of Science Centre at Citylight Road in South West (Athwa) zone.

| | | | |
|---|---|---|---|
| 1 | Name of contractor | : | |
| 2 | Full address (with telephone number) | : | |
| 3 | Details of experience for the business of vehicle parking (certified copies of the certificate should be attached) | : | |
| 4 | Whether the business of vehicle parking is currently carried out? If yes, Give details with proper evidences (Tenderer is entitled to attach the seperate sheet for the details if required) | : | |

I / We, the undersigned, am / are desirous of getting contract for providing the "Pay and Park" services at the fixed rates at the reserved space at ______________________________ of Surat Municipal Corporation. We enclose herewith the demand Draft / pay order NO.(1) ___________ (2) ___________ dated_____________ drawn on ___________________________________ bank, towards the amount of Tender fees & Earnest Money Deposit respectively. I / We have read the rules and terms and conditions in this regard, and I / We agree with same. I / We have submitted this tender after inspecting the site properly.

Date: / / 20

______________________

Signature and seal of the Tenderer

# *** પે એન્ડ પાર્ક ***

## ટેન્ડરની શરતો

(૧) પાર્કીંગની જગ્યાના પરવાનાની મુદત મહાનગરપાલિકા નકકી કરે તે મુજબ એક વર્ષની અથવા તો સદર જગ્યાની મહાનગરપાલિકાને અન્ય કોઈપણ જાહેર હેતુ માટેના કોઈ પણ પ્રોજેકટ/કામગીરી માટે જરૂરી જણાય ત્યાં સુધી, તેમાંથી જે વહેલો હોય ત્યાં સુધીનો જ રહેશે.

(૨) ઈજારદારે ગ્રાહકોના વાહનો સંભાળવાની જવાબદારી સ્વીકારી છે એમ સમજીને વાહનો ખોવાય જાય અથવા ચોરી થઈ જાય તો અથવા વાહનોને નુકશાન થાય તો ઈજારદાર તે માટે જવાબદાર રહેશે. સુરત મહાનગરપાલિકાની કોઈ જવાબદારી રહેશે નહી.

(૩) **ઈજારદારે ટેન્ડર ફી અને બાનાની રકમ (ઈ.એમ.ડી.) ની હાર્ડ કોપીની પાછળની બાજુએ જી.એસ.ટી. નંબર અને પાર્ટી કોડનો ઉલ્લેખ કરવાનો રેહશે, જો આમ કરવામાં નિષ્ફળ જાય તો એસ.એમ.સી જવાબદાર રહેશે નહીં.**

(૪) વાહન પાર્કિંગ સ્ટેન્ડ અંગેની સેવાઓ સામાન્ય રીતે મ્યુનિસિપલ કમિશ્નરશ્રીના વખતો વખતના આદેશ પ્રમાણે મુકરર કરેલ ધોરણ મુજબ, મુકરર કરેલ દરે પુરી પાડવાની રહેશે. આ મુકરર કરેલું ભાવપત્રક ગ્રાહકો જોઈ શકે તે મુજબ દરેક પ્રવેશદ્વાર પાસે તેમજ પાર્કિંગમાં અન્ય જગ્યાઓ પર પાર્કિંગધારકોને દેખાઈ શકે તે રીતે સુરત મહાનગરપાલિકા સુચવે તે મુજબ પ્રદર્શીત કરવાનું રહેશે.

(૫) વાહન સ્ટેન્ડની કામગીરી અંગે જરૂરી સરકારી/અર્ધસરકારી અથવા મહાનગરપાલિકાના પરવાના ઈજારદારે મેળવી લેવાના રહેશે.

(૬) ઈજારદારે વાહન સ્ટેન્ડ અંગે એક ફરીયાદ પોથી સ્ટેન્ડ પર ગ્રાહકોને સહેલાઈથી ઉપલબ્ધ થાય તે રીતે રાખવાની રહેશે, અને તેમાં નોંધાયેલી ફરીયાદ/સુચનો દર મહિને જે તે ઝોનના આસી.મ્યુ.કમિશ્નરશ્રીને મોકલી આપવાની રહેશે.

(૭) ડોકયુમેન્ટ ફી તથા બાનાની રકમનો ડીમાન્ડ ડ્રાફટ/પે ઓર્ડર/બેન્કર્સ ચેક સુરત ખાતે વટાવી શકાય તે મુજબનો સ્થાનિક રાષ્ટ્રીય / શીડયુલ બેંકનો મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, સુરત મહાનગરપાલિકા, સુરત નામનો હોવો જોઈએ. ડોકયુમન્ટ ફી તેમજ નિયત બાનાની રકમ (ઈ.એમ.ડી.) વગરનું કવર સ્વીકાર્ય ગણાશે નહી અને રદ થવાને પાત્ર રહેશે.

(૮) ઈજારદારે વાહનો સાચવવા પોતે અથવા તેઓએ અધિકૃત કરેલ વ્યકિતઓએ હાજર રહેવું પડશે.

(૯) ઈજારદારે તેમના ભાવો ઓફર ફોર્મમાં / પ્રાઈસબીડમાં ફકત ઈલેકટ્રોનીકસ ફોર્મેટમાં ઓનલાઈન નિયત સમયમર્યાદામાં આપવાના રહેશે. ઓફર ફોર્મ / પ્રાઈસબીડ કોઈપણ સંજોગોમાં ફીઝીકલ ફોર્મેટમાં સ્વીકારવામાં આવશે નહી, અને તે રદ થવાને પાત્ર રહેશે.

(૧૦) શરતી ઓફર / ટેન્ડર રદ થવા પાત્ર છે. ફકત ઓનલાઈન ભરવામાં આવેલ ભાવો જ માન્ય ગણાશે.

(૧૧) ટેન્ડર ફી, બાનાની રકમ સાથે સીલબંધ કવરમાં નિયત સમયમર્યાદામાં પહોંચે તે રીતે ફકત રજીસ્ટર પોસ્ટ એ.ડી. અથવા સ્પીડ પોસ્ટ થી સુરત મહાનગરપાલિકાના હિસાબી ખાતામાં મોકલી આપવાના રહેશે. ટેન્ડરર/ઓફરરે કવર પર નામ–સરનામા સહિત ટેન્ડર નોટીસ નંબર, કામ નંબર, કામનું નામ જણાવવાનું રહેશે. સ્પીડ પોસ્ટ / રજીસ્ટર પોસ્ટ એ.ડી. સિવાય અન્ય કોઈ રીતે મળેલ કવર સ્વીકાર્ય ગણાશે નહીં તેમજ નિયત મુદત / સમયમર્યાદા બાદ મળેલ કવર રદ થવાને પાત્ર રહેશે.

(૧૨) પે એન્ડ પાર્કના ઈજારાની નિયત કરેલ મુદત પુર્ણ થયેથી મંજુર ટેન્ડર / એલોટમેન્ટ લેટર / વર્કઓર્ડર ની શરતો તથા લાયસન્સ ફી ને આધિન / મુજબ એક તરફી ત્રણ માસ સુધી પે એન્ડ પાર્કના ઈજારાની મુદત લંબાવી / વધારી શકવા માટે સુરત મહાનગરપાલિકા સ્વતંત્રપણે અધિકૃત રહેશે. જે પરવાનેદારને બંધનકર્તા રહેશે.

(૧૩) ઈજારદારને સોંપવામાં આવેલ પે એન્ડ પાર્કના હદ વિસ્તારમાં સમયાંતરે પુરતી ચકાસણી કરવાની રહેશે અને કાયદાથી પ્રતિબંધિત હોય તેવી વાંધાજનક / નુકશાનકારક કે અન્ય બિનવારસી ચીજ–વસ્તુઓ મુકવામાં આવે નહીં તેની કાળજી ઈજારદારે રાખવાની રહેશે. તેમજ આવી કોઈ વસ્તુ જણાય તો તાત્કાલિક જે તે સંબંધિત ખાતા / વિભાગને જાણ કરવાની રહેશે.

(૧૪) ઈજારદાર તરફથી પે એન્ડ પાર્કની સેવાઓ પુરી પાડવા માટે રાખવામાં આવેલ તમામ માણસોને યુનિફોર્મ આપવાના રહેશે તથા મ્યુનિસિપલ કમિશનરશ્રી ધ્વારા માન્ય કરવામાં આવેલ નિયત ફોર્મમાં ઓળખપત્ર આપવાનું રહેશે. જે સંબંધિતે તેની ફરજ દરમિયાન જોઈ શકાય તેવી રીતે પ્રદર્શિત કરવાનું રહેશે. વધુમાં, પે એન્ડ પાર્કના સ્થળે પાર્કિંગની માહિતી/ભાવ/દર દર્શાવતા પોસ્ટર જરૂરિયાત મુજબ તેમજ આપવામાં આવતી સુચના મુજબ લગાડવાનાં રહેશે. તે સિવાયનાં કોઈ પોસ્ટર હોય તો ઈજારદારે દૂર કરવાનાં રહેશે.

(૧૫) ઈજારાની મુદત પુરી થયા બાદ તે ઈજારો વધુ સમય માટે તાજો કરી આપવામાં આવેલ નહી હશે તો ઈજારદાર અને તેના માણસોને ઈજારાના સ્થળમાં પ્રવેશ કરતા અટકાવી શકાશે. તથા ઈજારદારે સ્થળે રાખેલ તેમની સાધન સામગ્રી તાત્કાલિક ખસેડી લેવાની રહેશે. અન્યથા સુરત મહાનગરપાલિકા આવી તમામ સાધન સામગ્રી ઈજારદારના ખર્ચે અને જોખમે સ્થળ પરથી દુર કરશે.

(૧૬) મ્યુનિસિપલ કમિશનરશ્રી તથા તેમના અધિકૃત અધિકારી ધ્વારા સહી કરેલ નોટીસ સુચના વિ. સાયકલ, સ્કુટર સ્ટેન્ડની જગ્યા ઉપર લગાડવામાં આવે તો તે ઈજારદારને મળ્યા બરાબર ગણાશે.

(૧૭) ઈજારાની શરતો અંગે કોઈ પણ પ્રકારના મતભેદ ઉભા થાય તો, ત્યારે મ્યુનિસિપલ કમિશનરશ્રીનો નિર્ણય આખરી અને બંધનકર્તા રહેશે.

(૧૮) ટેન્ડર / વર્કઓર્ડર / એલોટમેન્ટ લેટર / એગ્રીમેન્ટની શરતો પૈકી કોઈપણ શરતનો પરવાનેદાર / ઈજારદાર ધ્વારા ભંગ કરવામાં આવશે / પાલન કરવામાં કસુર કરશે તો મ્યુનિસિપલ કમિશનરશ્રીને ઈજારદારની સુરત મહાનગરપાલિકાના ખાતે જમા તમામ પ્રકારની ડિપોઝીટની પુરેપુરી રકમ જપ્ત કરવાનો અધિકાર રહેશે તેમજ તે બાબતે નોટીસ વ્યવહાર પછી અથવા કોઈપણ પ્રકારની નોટીસ વિના ઈજારદારનો ઈજારો તત્કાલ રદ કરવાનો મ્યુનિસિપલ કમિશનરશ્રીને અધિકાર રહેશે. કરારના ભંગના પરિણામે સુરત મહાનગરપાલિકાને જે કંઈ નુકશાન થશે તે માટે પરવાનેદાર ભરપાઈ કરવા જવાબદાર રહેશે. પરવાનેદારે પરવાનાની શરતોનો ભંગ કર્યો છે કે કેમ અને ડીપોઝીટની રકમ જપ્ત કરવી કે નહી તેમજ પેનલ્ટી કરવા બાબતે મ્યુનિસિપલ કમિશનરશ્રીનો નિર્ણય છેવટનો ગણાશે અને પરવાનેદારને તે બંધનકર્તા રહેશે તથા તે અંગે પરવાનેદારને કોઈપણ પ્રકારના વળતર મેળવવાનો હકક / અધિકાર રહેશે નહી.

(૧૯) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી આ શરતો ઉપરાંત વખતોવખત સુચવે તેવા સુધારા કે નવી શરતો ઈજારદારને માન્ય અને બંધનકર્તા રહેશે તેમજ તેનું પાલન ઈજારદારે વિના તકરારે કરવાનું રહેશે.

(૨૦) ઈજારદારનું ટેન્ડર મંજુર થયેથી સફળ ઈજારદારની મંજુર થયેલ ઈજારાની ઓફર મુજબ ભરવાપાત્ર વાર્ષિક સમયગાળા માટેની થતી પુરેપુરી લાયસન્સ ફીની કુલ રકમના ૨૫% પ્રમાણેની રકમ પર્ફોર્મન્સ ગેરન્ટી ડીપોઝીટ રૂા.૨૫/– લાખથી ઓછી રકમ માટે બેંકર્સ ચેક / ડીમાન્ડ ડ્રાફટ થી સુરત મહાનગરપાલિકાની કચેરીમાં સીકયુરીટી તરીકે જમા / ભરપાઈ કરવાની રહેશે. ઈજારદાર ઈચ્છે તો પર્ફોર્મન્સ ગેરેન્ટી ડીપોઝીટની રૂા.૨૫/– લાખથી વધુની રકમ માટે સુરત શહેરની રાષ્ટ્રીયકૃત બેંકની ફીકસ ડીપોઝીટ રસીદ (FDR) થી પણ રજુ કરી શકશે. ફીકસ ડીપોઝીટ રસીદની પાકતી મુદતનો સમયગાળો ઈજારાની કામગીરીના નિયત સમગ્ર સમયગાળા ઉપરાંતના વધુ ૦૬(છ) માસ સુધીનો રાખવાનો રહેશે.

(૨૧) ઈજારદારનું ટેન્ડર મંજુર થયેથી સફળ ઈજારદારની ઓફર મુજબની કુલ ટેન્ડર રકમ એટલે કે મંજુર થયેલ ઈજારાની ઓફર મુજબ ભરવાપાત્ર સમગ્ર સમયગાળા માટેની થતી પુરેપુરી લાયસન્સ ફીની કુલ રકમના ૨% અથવા જે તે સમયના પ્રવર્તમાન દર પ્રમાણેની રકમ સીકયુરીટી ડીપોઝીટ તરીકે રૂા.૦૨/– (બે) કરોડ સુધીની રકમના કામોએ બેંકર્સ ચેક / ડીમાન્ડ ડ્રાફટ સુરત મહાનગરપાલિકાની કચેરીમાં સીકયુરીટી ડીપોઝીટ તરીકે જમા / ભરપાઈ કરવાના રહેશે. રૂા.૦૨/– (બે) કરોડ ઉપરની રકમના કામમાં ઈજારદાર ઈચ્છે તો સીકયુરીટી ડીપોઝીટની રકમ સુરત શહેરની રાષ્ટ્રીયકૃત બેંકની ફીકસ ડીપોઝીટ રસીદ (FDR) થી પણ રજુ કરી શકશે. ફીકસ ડીપોઝીટ રસીદની પાકતી મુદતનો સમયગાળો ઈજારાની કામગીરીના નિયત સમગ્ર સમયગાળા ઉપરાંતના વધુ ૬ (છ) માસ સુધીનો રાખવાનો રહેશે.

સફળ ઈજારદારે મહાનગરપાલિકાની કચેરીમાં ઉપરોકત શરત નં.(૧૯) અને (૨૦) માં જણાવેલ પર્ફોર્મન્સ ગેરન્ટી ડીપોઝીટ તેમજ સીકયુરીટી ડીપોઝીટની રકમ જમા / ભરપાઈ કરવાની મુદત નવા કામ કે જેના માટે સ્થળે પાર્કિંગની કામગીરી સ્થળ ઉપર શરૂ કરવામાં આવેલ / થતી હોય તેવા કામ માટે વર્કઓર્ડર / એલોટમેન્ટ લેટરની તારીખથી દિન–૧૫(પંદર)ની રહેશે. ત્યારબાદ ૦.૦૬૫ % પ્રતિદિન વિલંબ પ્રમાણે પેનલ્ટી વસુલવામાં આવશે.

(૨૨) ઈજારદાર તરફથી મહાનગરપાલિકાની કચેરીમાં ઉપરોકત શરત નં.(૧૯) અને (૨૦) માં જણાવેલ પર્ફોર્મન્સ ગેરન્ટી ડીપોઝીટ તેમજ સીકયુરીટી ડીપોઝીટની રકમ ઈજારો પૂર્ણ થયા બાદ ઈજારદાર તરફથી ઈજારાના સંચાલનની કામગીરી સંતોષકારક / ક્ષતિઓ રહિત શરત નં.(૧૭) ને આધિન યોગ્ય જણાયે મુકત કરવામાં આવશે.

(૨૩) ઈજારદારનું ટેન્ડર મંજુર થયેથી ઓફર મુજબ ૧ (એક) માસના પરવાના ફીની એડવાન્સ રકમ કામ શરૂ કરવાનો લેટર મળ્યેથી તાકીદે રોકડેથી / બેંકર્સ ચેક / ડીમાન્ડ ડ્રાફટ થી સુરત મહાનગરપાલિકામાં ભરવાની રહેશે. નિયત મુદતમાં રકમ જમા કરાવવામાં કસુર થયેથી બાનાની / સીકયુરીટી ડીપોઝીટ / પર્ફોર્મન્સ ગેરન્ટી ડીપોઝીટની રકમ જપ્ત કરવામાં આવશે તથા ઈજારો આપોઆપ રદ થયેલ ગણાશે. પ્રથમ માસિક ફી ની એડવાન્સ રકમ કામ શરૂ કરવાનાં લેટરની તારીખથી તાકીદે જમા કરાવવાની રહેશે. ત્યારબાદ મોડા દિવસો ઉપર વાર્ષિક ૧૮% સાદા વ્યાજ સહિતની વિલંબ પેનલ્ટી વસુલવામાં આવશે.

(૨૪) બાકીની વાર્ષિક લાયસન્સ ફી પ્રમાણેની રકમ ૧૧ (અગિયાર) માસના માસિક હપ્તામાં દર માસની તારીખ ૧ થી ૫ માં ભરપાઈ કરવાની રહેશે. તેમ ન થતાં વિલંબિત દિવસો ઉપર વાર્ષિક ૧૮% સાદા વ્યાજ સહિતની ડીલે પેમેન્ટ માટેની પેનલ્ટી લાગુ પડશે. લાયસન્સ ફીની વાર્ષિક રકમ સરખા માસિક હપ્તાઓમાં ભરવાના રહે છે તથા સદર રકમની ચુકવણી અંગ્રેજી કેલેન્ડર પ્રમાણેના મહિનાની ૧ થી ૫ તારીખમાં કરાવવાની રહે છે. જો

ઈજારો અંગ્રેજી મહિનાની પહેલી તારીખ સાથે શરૂ થતો ન હોય તો ઈજારાની શરૂઆત જે તારીખે થતી હોય તે તારીખથી શરૂઆતના / પહેલા માસમાં બાકી રહેતા દિવસો માટેની લાયસન્સ ફી વસુલ લેવાની રહેશે અને તેજ પ્રમાણે ઈજારાના છેલ્લા માસ માટે પણ કેલેન્ડર મહિનામાં બાકી રહેતા દિવસો માટેની લાયસન્સ ફી વસુલ લેવાની રહેશે. પ્રથમ તથા છેલ્લા કેલેન્ડર માસ સિવાયના બાકીના દસ માસ માટેની પૂરેપૂરા મહિનાની માસિક લાયસન્સ ફી ના પૂરેપૂરા હપ્તા જે તે માસની ૧ થી ૫ તારીખમાં ભરવાના રહેશે. માસ/દિવસની ગણતરી માટે એક માસ ૩૦(ત્રીસ) દિવસની સરેરાશ પ્રમાણે ગણતરીમાં લેવાનો રહેશે.

(૨૫) બાકીની વાર્ષિક લાયસન્સ ફી પ્રમાણેની રકમના માસિક હપ્તા માટેની જે રકમ નકકી થશે તેની જમાનત તરીકે ઈજારદારે જે તે રકમના / એડવાન્સ ચેકો તથા ટીસીએસ નાં એડવાન્સ ચેકો આપવાના રહેશે. સદર ચેક સુરત મહાનગરપાલિકા પાસે કસ્ટડીમાં જમા રાખવામાં આવશે તથા ઈજારદાર ઈચ્છે તો નિયત તારીખે રોકડા / ડ્રાફ્ટ અગર તો અન્ય કોઈ માન્ય રીતે રકમ જમા કરાવીને ચેક પરત લઈ શકશે. પરંતુ જો તેમ ન કરવામાં આવે તો પેમેન્ટ ચેકની તારીખ આવતા સદર ચેક સુરત મહાનગરપાલિકા ધ્વારા ચૂકવણી માટે બેન્કમાં રજુ કરી દેવામાં આવશે અને જો આવા ચેક કોઈપણ કારણસર બેન્કમાંથી રીટર્ન થાય તો રીટર્ન ચેકના ચાર્જીસ / દંડ / વહીવટી ચાર્જ / ડીલે પેમેન્ટ પેનલ્ટી સહિત રકમ ઈજારદાર પાસેથી વસુલ કરવા સુરત મહાનગરપાલિકા હકકદાર રહેશે. તેમજ ચેકની રકમની વસુલાત કરવા ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ હેઠળ કાયદેસરની કાર્યવાહી કરી વસુલાત કરવા સુરત મહાનગરપાલિકા હકકદાર રહેશે.

(૨૬) ઈજારો એક વર્ષ કરતાં વધુ સમય માટે ફાળવેલ હોય તેવા સંજોગોમાં વાર્ષિક ઈજારો પૂર્ણ થવાના એક માસ અગાઉ થી આગામી વર્ષ માટેના માસિક લાયસન્સ ફી મુજબના તથા પ્રવર્તમાન નીતિ નિયમ મુજબના ટી.સી.એસ. (TCS) / જી.એસ.ટી.(GST) સહિતના ૧૨ (બાર) ચેક એડવાન્સમાં જે તે ઝોન કચેરીમાં જમા કરાવવાના રહેશે.

(૨૭) ઈજારદારનું ટેન્ડર મંજુર થયા મુજબની જાણ ઈજારદારને કર્યેથી જરૂરી સીકયુરીટી ડીપોઝીટ તેમજ પર્ફોર્મન્સ ગેરન્ટી ડીપોઝીટની રકમ ભરી જરૂરી કરાર કરી, સ્થળ ઉપર ઈજારા મુજબની કામગીરી શરૂ કરી લેવાની રહેશે. સદરહુ ઇજારાની મુદત ઈજારદારને સ્થળ પર કામ શરૂ કરવા માટે આપવામાં આવનાર વર્કઓર્ડર/એલોટમેન્ટ લેટર/પરવાનગી પત્રમાં જણાવેલ તારીખથી ગણવાની રહેશે.

(૨૮) ઈજારદારે ઓફર આપતા પહેલા પાર્કીગ સ્ટેન્ડની જગ્યા તથા તેની હદ વિસ્તાર પુરેપુરો જોયો હોવાનું માની લેવામાં આવશે. પાછળથી આ બાબતે કોઈ તકરાર ચાલશે નહી.

(૨૯) પાર્કિંગ સ્ટેન્ડવાળી જગ્યા પર કોઈ ટેમ્પરરી કે પરમેનન્ટ શેડ / સ્ટ્રકચર ઈજારદાર બાંધી શકશે નહી. તથા જાહેરાત કરી શકશે નહી.

(૩૦) પાર્કિંગ સ્ટેન્ડનો સમય રાઉન્ડ ધ કલોક (૨૪ કલાક) સુધીનો રહેશે. અથવા પે એન્ડ પાર્કના લોકેશનની સ્થળ પરિસ્થિતિ મુજબનો રહેશે.

(૩૧) ટેન્ડર મંજુર થયેથી ઈજારદારે ઓફર મુજબ થતી રકમ ભરપાઈ કરવાની રહેશે.

(૩૨) સફળ ઈજારદારે સુરત મહાનગરપાલિકા સાથે અમલીકરણ બાબતે પ્રવર્તમાન નિયમ મુજબના જરૂરી એગ્રીમેન્ટ પ્રવર્તમાન નિયમ મુજબના સ્ટેમ્પ પેપર પર સ્વખર્ચે કરવાનો રહેશે.

(૩૩) સફળ ઈજારદારે નિયમ મુજબ જરૂરી સ્ટેમ્પ પેપર ઉપર સ્યોરીટી બાબતનું લખાણ સ્વખર્ચે કરી આપવાનું રહેશે.

(૩૪) ઈજારો મંજુર થતાં ઈજારદારે તેમના રહેઠાણ તથા ધંધાના સ્થળનું પુરેપુરું ટપાલનું સરનામું, ફોન નંબર, ફેક્ષ નંબર, ઈ–મેઈલ એડ્રેસ વિગેરે વિગતો પુરી પાડવાની રહેશે તથા ભવિષ્યમાં તેમાં કોઈ ફેરફાર થાય તો તેની જાણ તાત્કાલિક સુરત મહાનગરપાલિકાને લેખિતમાં કરવાની રહેશે. ઈજારદારે જણાવેલ સરનામા ઉપર સુરત મહાનગરપાલિકા ધ્વારા જે કાંઈ પત્ર વ્યવહાર કરવામાં આવે તે ઈજારદારને મળ્યા બરાબર ગણાશે.

(૩૫) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી જે – તે સમયે જણાવે / સુચવે તે મુજબ પાર્કિંગમાં આવવા તેમજ જવા માટેની એન્ટ્રી/એક્ઝિટ રાખવાની રહેશે.

(૩૬) અનિવાર્ય સંજોગોમાં જયારે ઈજારદારને કામગીરીમાં નડતરરૂપ થાય અને "પે એન્ડ પાર્ક" બંધ રહે અથવા સક્ષમ સત્તા ધ્વારા "પે એન્ડ પાર્ક" બંધ કરાવવામાં આવે ત્યારે કામગીરી બંધ થયાની/કર્યાની જાણ ઈજારદારે ૨૪(ચોવીસ) કલાકની અંદર ઝોનના સંબંધિત સ્ટાફને કરવાની રહેશે અને પાર્કિંગ બંધ રહે તે સમયગાળાના રેકોર્ડની ખરાઈ ઝોનના સંબંધિત સ્ટાફ પાસે ઈજારદારે કરાવવાની રહેશે. સ્થળ તપાસ કરી માન્ય રાખવામાં આવે તે પ્રમાણે પરવાના ફી માંથી રાહત/મજરે આપવામાં આવશે.

(૩૭) મહાનગરપાલિકાને જાહેરહિત માટેના કોઈ પણ અન્ય પ્રોજેકટ / કામગીરી માટે સદર જગ્યાના કોઈ ગાળા/ભાગની, તમામ ગાળા/ભાગની જરૂરીયાત જણાય તો, તે બાબતે ઈજારદારને દિન–૩૦ (ત્રીસ) ની મુદતની નોટીસ આપીને ઈજારો ટર્મીનેટ કરી પ્રશ્નવાળી જગ્યાનો પ્રત્યક્ષ કબજો સુરત મહાનગરપાલિકા મેળવી શકશે. તે અંગે ઈજારદાર કોઈ વાંધો લઈ શકશે નહિ.

(૩૮) ઈજારદારે / પરવાનેદારે પે એન્ડ પાર્કના સંચાલન સારૂ પાર્કિંગ ચાર્જ / ફી માટેની રસીદ / ટોકન ઈશ્યુ કરવા માટે બજારમાં મળતા હાથ વડે સંચાલિત થઈ શકે તેવા ઈલેકટ્રોનીક સાધન / કોમ્પ્યુટર સ્થળ સ્થિતિ પ્રમાણે જરૂરીયાત મુજબની સંખ્યામાં, પોતાના ખર્ચે લાવવાના રહેશે તથા પે એન્ડ પાર્કમાં તેનો ઉપયોગ પાર્કિંગ ટીકીટ આપવા માટે કરવાનો રહેશે.

(૩૯) ઈજારદારે / પરવાનેદારે બજારમાં મળતા હાથ વડે સંચાલિત થઈ શકે તેવા ઈલેકટ્રોનીક સાધન / કોમ્પ્યુટરથી મળી શકે તેવી પાર્કિંગ ટિકિટ પે એન્ડ પાર્ક માં ઈશ્યુ કરવાની રહેશે. જેના માટેની રસીદ / ટિકિટ સીરીયલ નંબર સાથેની સ્વયં પાર્કિંગ ચાર્જ દર્શાવી શકે તેવી સ્ટેશનરી રાખવાની રહેશે. વાહન પાર્ક કરનારને આપવાની ટીકીટના ભાગમાં પે એન્ડ પાર્ક નું સ્થળ, ઈજારદારનું નામ, વાહનનો પ્રકાર, નંબર, આવવા–જવાનો સમય વિગેરે વિગત દર્શાવતી સ્વયં પાર્કિંગ ચાર્જ દર્શાવતી હોવી જરૂરી છે.

(૪૦) ઈજારદારે / પરવાનેદાર પે એન્ડ પાર્કમાં વાહન પાર્ક કરનારને હાથ વડે સંચાલિત ઈલેકટ્રોનીક સાધન / કોમ્પ્યુટરથી મળી શકે તેવી જ પાર્કિંગ ટિકીટ આપવાની રહેશે. વિપરિત / કાબુ બહારના સંજોગોમાં નિશ્ચિત સમયગાળા માટે અગાઉથી સુરત મહાનગરપાલિકાની લેખિતમાં પરવાનગી મેળવ્યા બાદ જ મેન્યુઅલ પાર્કિંગ ટિકીટનો ઉપયોગ કરવાનો રહેશે. અન્યથા શરત ભંગ બદલ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

(૪૧) ઈજારદારે / પરવાનેદારે પે એન્ડ પાર્કમાં હાથ વડે સંચાલિત થઈ શકે તેવા ઈલેકટ્રોનીક સાધન / કોમ્પ્યુટર બેઝડ સીસ્ટમનો ઉપયોગ કરવો ફરજીયાત છે અગર તો આવી કોઈ ઈલેકટ્રોનીકસ સિસ્ટમ દાખલ કરી શકે છે. (રસીદ / ફીઝીકલ મેન્યુઅલ રસીદના ઉપયોગ દરમિયાન થતી ગેરરીતી દુર કરવાનો હેતુ છે.)

(૪૨) સરકારશ્રીનાં ઠરાવ ક્રમાંક : પરચ/૧૦૨૦૧૮/સીએમ–૪૧૯/પી, તા.૦૫/૧૨/૨૦૧૮ થી મંજુર કરવામાં આવેલ "પાર્કિંગ પોલીસી એન્ડ પાર્કિંગ બાયલોઝ" માં નિયત કરેલ ફી કરતાં વધુ ફી ઈજારદાર કોઈપણ સંજોગોમાં ઉઘરાવી શકશે નહી, અને જો તે અંગેની ફરિયાદ આવશે કે અત્રેના આકસ્મિક ચેકીંગ દરમિયાન જો ઈજારદાર મુકરર કરેલ ફી કરતાં વધુ ફી ઉઘરાવતા હોવાનું સાબિત થશે / માલુમ પડશે તેવા સંજોગોમાં નિયત કરેલ રકમ દંડ પેટે વસુલ લેવામાં આવશે.

(૪૩) ઈજારદાર / પરવાનેદાર પે એન્ડ પાર્કમાં શરતો / નિયમોનો ભંગ બદલ દર વખતે નીચે જણાવેલ વિગતે દંડને પાત્ર રહેશે. સદરહુ દંડ ઈજારદારે નોટીસ આપ્યાની તારીખથી દિન–૭(સાત) માં ભરપાઈ કરવાનો રહેશે.

| અ. નં. | વિગત | દંડની રકમ રૂા. |
|---|---|---|
| ૧ | માણસો યુનિફોર્મ / ઓળખપત્રક વગરના હોવા માટે | રૂા.૧૦૦/– |
| ૨ | નિયત કરેલ / સુચવેલ જગ્યાએ મુકરર કરેલુ ભાવપત્રક પ્રદર્શીત નહી કરવા માટે | રૂા.૫૦૦/– |
| ૩ | સુરત મહાનગરપાલિકાની પૂર્વ મંજુરી મેળવ્યા સિવાય હાથ વડે સંચાલિત ઈલેકટ્રોનીક સાધન અગર કોમ્પ્યુટર સિસ્ટમ વગરની એટલે કે હાથથી બનાવવામાં આવતી પાવતી / મેન્યુઅલ રસીદ આપવા માટે | રૂા.૫૦૦/– |
| ૪ | ફરીયાદપોથી નહીં રાખવા માટે | રૂા.૧૦૦/– |
| ૫ | વાહનો શિસ્તબધ્ધ પાર્ક નહીં કરવા માટે | રૂા.૧૦૦/– |
| ૬ | પે એન્ડ પાર્ક માં વાહનો સાચવવા / તકેદારી રાખવા માટે પૂરતી સંખ્યામાં અધિકૃત માણસો નહીં રાખવા માટે | રૂા.૨૫૦/– |
| ૭ | મુકરર કરેલ પાર્કિંગ દર કરતા વધુ પાર્કિંગ ચાર્જ વસુલ કરવા માટે | રૂા.૨૫૦૦/– |
| ૮ | પાર્કિંગના સ્થળે સાફસફાઈ ન કરવા/રાખવા બદલ | રૂા.૫૦૦/– |
| ૯ | પાર્કિંગ સિવાયના અન્ય હેતુ માટે વપરાશ કરવા બદલ | રૂા.૧૦૦૦/– |

જણાવેલ સમય મર્યાદામાં ઈજારદાર દંડ ભરવામાં નિષ્ફળ જશે તો ત્યારબાદ વાર્ષિક ૧૮% લેખે સાદા વ્યાજ સહિત નાણા વસુલ કરવામાં આવશે.

(૪૪) ટેન્ડરરે / ઈજારદારે / પરવાનેદારે જમા કરાવેલ ચેક બાઉન્સ / પરત થવાના સંજોગોમાં સુરત મહાનગરપાલિકા ટેન્ડરર / ઈજારદાર / પરવાનેદાર સામે નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ અન્વયે કાર્યવાહી કરી શકશે તેમજ ચેક બાઉન્સ થવાના સંજોગોમાં ચેક દીઠ રૂા.૫૦૦/– અથવા પ્રતિ લાખની રકમ માટે રૂા.૧૦૦૦/– દંડ પેટે બે માંથી જે વધુ હશે તે વસુલ લેવામાં આવશે.

(૪૫) એક જ સપ્તાહમાં બે થી વધારે વખતે એક જ પ્રકારની ગેરરીતી / શરતભંગ પકડાય ત્યારે ઉપર શરત નં.(૪૨) માં નિયત કરવામાં આવેલ ચાર્જ કરતા ડબલ પેનલ્ટી / દંડ વસુલ લેવામાં આવશે.

(૪૬) એક જ કેલેન્ડર માસમાં ચાર થી વધારે વખતે એક જ પ્રકારની ગેરરીતી / શરતભંગ પકડાય ત્યારે શરત નં.(૪૨) માં નિયત કરવામાં આવેલ ચાર્જ કરતા ચાર ગણી પેનલ્ટી / દંડ વસુલ લેવામાં આવશે.

(૪૭) પે એન્ડ પાર્કમાં અલગ–અલગ ઝોન / જગ્યા / ફલોરમાં નકશામાં દર્શાવ્યા / જણાવ્યા મુજબનો વિસ્તાર ધ્યાને લેવામાં આવેલ છે. ઈજારદારની મંજુર થયેલ ઓફર તથા કુલ વિસ્તાર ધ્યાને લઈ, પ્રતિ ચો.મી. નો મંજુર દર ગણવામાં આવશે. ઈજારાના સમયગાળા દરમિયાન કોઈ કામગીરી માટે સંજોગોવશાત કોઈ ભાગનો સુરત મહાનગરપાલિકા અન્ય હેતુ માટે ઉપયોગ કરવા ઈચ્છે તો તેમ કરી શકશે અને તેમ કરતાં તેમજ કુલ ક્ષેત્રફળમાં ઘટાડો થાય (શરત નં.૩૫) તો ઉકત પ્રતિ ચો.મી.ના દરે સપ્રમાણસર લાયસન્સ ફી માંથી ઘટાડો કરી આપવામાં આવશે. તેમજ સ્થળે મળતા ક્ષેત્રફળમાં વધારો થવાથી અથવા કોઈ કારણસર સ્થળે મળતા ક્ષેત્રફળમાં વધારો થાય તો, ઈજારદારે લાયસન્સ ફીમાં સપ્રમાણસર વધારો આપવાનો રહેશે. ક્ષેત્રફળમાં વધારા–ઘટાડાની બંને પરિસ્થિતિઓ ઈજારદારે માન્ય રાખી તે મુજબની કામગીરી કરવાની રહેશે.

(૪૮) પે એન્ડ પાર્કના પરવાના ફી ની રકમ ઉપરાંત રાજય સરકારના નકકી થયેલા ચાર્જ કે વખતોવખત લાગુ પડતા જે તે કાયદા હેઠળ નકકી થતા ચાર્જ કે સરકારી/અર્ધસરકારી ટેક્ષ/ચાર્જ/ફી/વેરા/GST ભરવાપાત્ર થતા તમામ વેરા આપવાની જવાબદારી ઈજારદારની રહેશે. ઉપરોકત ઈજારાની મુદત પુરી થયા બાદ પણ જો સરકારશ્રી / મહાનગરપાલિકા તરફથી આવું લેણું નીકળતુ હશે તો સુરત મહાનગરપાલિકા ઈજારદાર પાસેથી તેવુ લેણુ વસુલ લેવા હકકદાર રહેશે.

(૪૯) ઈજારદારે પે એન્ડ પાર્કમાં નકકી કરેલ વાહનો નિયત થયેલ પાર્કિંગ વિસ્તારમાં જ પાર્ક કરાવવાના રહેશે તેમજ પે એન્ડ પાર્ક વિસ્તારમાં "વાહન ચાલકે પોતાના ખર્ચે અને જોખમે વાહન પાર્ક કરવું" (Park at vehicle's owner's risk) તેવું બોર્ડ પ્રદર્શીત કરવાનું રહેશે.

(૫૦) ઈજારદારની જવાબદારી "પે એન્ડ પાર્ક" માં નિયત સ્થળે વાહન પાર્ક કરાવવાની છે. પાર્કિંગની જગ્યામાં પ્રવેશ/નિકાસ માટે નકકી કરવામાં આવેલ અંદર / બહાર જવાના માર્ગનો જ ઉપયોગ વાહન પાર્કિંગ માટે કરવાનો રહેશે. ટ્રાફીકના નિયમનો ભંગ ન થાય તથા "નો–પાર્કિંગ ઝોન" માં વાહનો પાર્ક કરવામાં ન આવે તેની વાહનચાલકે તકેદારી રાખવાની રહે છે. પાર્કિંગની જગ્યામાં વાહન લાવતી વખતે, વાહન પાર્કિંગ કરવામાં આવ્યુ હોય ત્યારે પાર્કિંગની જગ્યામાંથી વાહન બહાર કાઢતી વખતે ટ્રાફીક / દબાણ નાં તમામ નિયમોનું વાહનચાલકે ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. ખોટી રીતે વાહન ચલાવવા / પાર્ક કરવા બદલ જો વાહનોને નુકશાન થશે તો તેની સંપૂર્ણ જવાબદારી ઈજારદારની રહેશે. મહાનગરપાલિકા કોઈપણ રીતે જવાબદાર રહેશે નહિ. વધુમાં, આવા સંજોગોમાં જો સક્ષમ સત્તા ધ્વારા દંડ કરવામાં આવે, અગર તો ટ્રાફીક, આર.ટી.ઓ., મહાનગરપાલિકાના ઝોન / દબાણ ખાતા અગર તો અન્ય કોઈ સક્ષમ સત્તા ધ્વારા વાહન જપ્ત (detain) કરી લેવામાં આવે, તો તે અંગે ઈજારદારને કસુરવાર ઠરાવી શકાશે નહિ પરંતુ તેની જવાબદારી વાહન ચાલક / માલિકની રહેશે.

(૫૧) ઈજારદાર તરફથી સાઈટ ઉપર જે માણસો રોકવામાં આવે તે અંગે રાજય સરકાર, કેન્દ્ર સરકાર, સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓના તમામ લાગુ પડતા નીતિ નિયમોનું કાયદાની મર્યાદામાં રહી પાલન કરવાનું રહેશે. ઈજારદારે સ્થળ ઉપર રોકેલ માણસોને લઘુત્તમ વેતનથી ઓછો પગાર આપી શકાશે નહીં. જો ઈજારદાર તરફથી આવા કોઈ પણ નીતિ નિયમ કાયદાનું પાલન થાય નહિં / ઉલ્લંઘન થશે, તો તેની સંપૂર્ણ જવાબદારી ઈજારદારની રહેશે અને સુરત મહાનગરપાલિકાને એવા ઉલ્લંઘન માટે કોઈ પણ રીતે જવાબદાર ઠેરવી શકાશે નહીં.

(૫૨) સુરત મહાનગરપાલિકા ધ્વારા પે એન્ડ પાર્કની કામગીરી માટે ફાળવવામાં આવેલ જગ્યા ઉપર ઈજારદારને સુરત મહાનગરપાલિકા ધ્વારા ફકત ઈજારો / પરવાનો / લાયસન્સ આપવામાં આવશે. સદર કામગીરી મેળવવા તથા પે એન્ડ પાર્કનું સંચાલન કરવા બાબત કેન્દ્ર સરકાર / રાજય સરકાર / સ્થાનિક સ્વરાજયની સંસ્થાના લાગુ પડતા કાયદાઓ મુજબ જે કાંઈ અન્ય લાયસન્સ / પરવાનગી / મંજુરી લેવાની થતી હોય, તો તે ઈજારદારે પોતાના ખર્ચે અને જોખમે સંબંધિત ખાતાઓ / વિભાગોમાં અરજીઓ કરી મેળવવાના રહેશે. તે અંગેની સઘળી જવાબદારી ઈજારદારની રહેશે.

(૫૩) ઓફરનો વેલીડીટી પીરીયડ ઓનલાઈન મળેલ ઓફર / પ્રાઈસબીડ ખોલ્યાની તારીખ થી ૧૨૦ (એકસો વીસ) દિવસ સુધીનો રહેશે.

(૫૪) ફોર્સ મેજર કલોઝ : કોઈપણ પ્રકારના કુદરતી કે માનવસર્જીત આફત (Disaster) ના કારણે જેવા કે પુર, ધરતીકંપ, વાવાઝોડુ વિગેરે, અગર તો કોઈપણ પ્રકારનાં અકસ્માત / હુમલા / હિંસાખોરી, જેવા કે આગ, મિલ્કત પડવી, ટોળા શાહી પથ્થરમારો, સાંપ્રદાયીક તોફાનો વિગેરેના કારણે પાર્કિંગમાં મુકવામાં આવેલ વાહનોને નુકશાન થાય નહી તે બાબતે શકય થાય તેટલી તકેદારી રાખવી. તેમ છતાં જો વાહનોને નુકશાન થાય તો આવા કાબુ બહારના સંજોગોના કારણે નુકશાનીની જવાબદારી ઈજારદારની કે સુરત મહાનગરપાલિકાની રહેશે નહિ.

(૫૫) પે એન્ડ પાર્કના પાર્કિંગ વિસ્તારમાં પરિશિષ્ટ–બ મુજબના નિયત કરેલ વાહનો પાર્ક કરાવવાના રહેશે.

(૫૬) પે એન્ડ પાર્ક માં વાહનો સાચવવા જરૂરીયાત મુજબ સીકયોરીટી સ્ટાફની વ્યવસ્થા ઈજારદારે પોતાના ખર્ચે કરવાની રહેશે.

(૫૭) પાર્કિંગ એરીયામાં ૧૦% એરીયા સીનીયર સીટીઝન તથા વિકલાંગો માટે અનામત રાખવાનો રહેશે. તથા " પે એન્ડ પાર્ક"માં વિકલાંગો માટે કોઈ ચાર્જ નથી. સુરત ગ્રીન વ્હીકલ પોલીસી–૨૦૨૫ના અંતર્ગત ગ્રીન વ્હીકલ ખરીદનાર શહેરીજનને પોલિસી પીરીયડ દરમ્યાન સુરત મહાનગરપાલિકા સંચાલિત પે એન્ડ પાર્ક સ્થળો પર વિના મુલ્યે પાર્કીંગનો લાભ આપવામાં આવશે. તેમજ પાર્કીંગની જગ્યાના ૧૦% ભાગમાં પ્રાથમિકતા આપવામાં આવશે.

(૫૮) જવલનશીલ / વિસ્ફોટક અગર કાયદા ધ્વારા પ્રતિબંધિત ચીજ વસ્તુ પાર્કિંગમાં રાખવામાં આવેલ વાહનમાં રાખી શકાશે નહિ. તે અંગે થનાર નુકશાનની / કાયદેસરની કાર્યવાહીની જવાબદારી ઈજારદારની કે સુરત મહાનગરપાલિકાની રહેશે નહી.

(૫૯) આ કામે કોઈપણ પ્રકારના દાવા પ્રકરણો સુરત શહેર તાબાની નામદાર કોર્ટના હકુમતક્ષેત્રને આધિન રહેશે. (Subject to Surat Jurisdiction)

(૬૦) ઈજારદાર પોતાનો ઈજારો / પરવાનો બીજા પેટા ઈજારદારને તબદીલ કરી શકશે નહી. જો તેમ કરેલ જણાશે તો ભરેલ ડીપોઝીટની રકમ જપ્ત કરવા માટેની તથા ટેન્ડર શરતો મુજબ કાયદેસરની કાર્યવાહી કરી કાળી યાદીમાં મુકવા સુધીની કાર્યવાહી કરી શકાશે.

(૬૧) પે એન્ડ પાર્ક માટે આપેલ ઈજારાવાળી જગ્યા ઈજારદારને લાયસન્સ પધ્ધતિથી ફાળવેલ છે. ઈજારદારને કોઈપણ પ્રકારના માલિકી / ભાડુત તરીકેના અર્થાત ટેનન્સી રાઈટસ પ્રાપ્ત થતાં નથી અને થશે નહીં. સદર જગ્યાની માલિકી તથા કબજો સુરત મહાનગરપાલિકાની છે અને રહેશે.

(૬૨) કેન્દ્ર સરકારનાં કાયદા અનુસાર નિયત કરેલ દરે લાયસન્સ ફી ઉપર " જી.એસ.ટી. " ભરવાનો રહેશે. સરકારશ્રી ધ્વારા વખતોવખત લાગુ કરેલ કર ભરવાનો રહેશે.

(૬૩) સદર કામમાં જી.એસ.ટી. નાં કાયદા હેઠળ જી.એસ.ટી. લાગુ પડે છે કે નહી? કેટલા ટકા? તેમજ HSN/SAC કોડ ઈજારદારે પોતાના સી.એ. પાસેથી મેળવી ટેન્ડર સાથે સબમીટ કરવાનું રહેશે. ઈજારદારે જી.એસ.ટી. નંબર / જી.એસ.ટી. રજીસ્ટ્રેશનની નકલ ટેન્ડર સાથે સામેલ કરવાની રહેશે. સરકારશ્રી ધ્વારા વખતો વખત લાગુ કરવા પાત્ર કર ભરવાનો રહેશે.

(૬૪) **ઈએમડી (બાનાની રકમ) સિકયુરીટી ડીપોઝીટ, લાયસન્સ ફી, ટેક્ષ / ડયુટી બાબતઃ–**

(૧) ટેન્ડરરે પરિશિષ્ટ – "અ" માં જણાવ્યા મુજબની બાનાની રકમ (EMD) ટેન્ડર સાથે જમા કરાવવાની રહેશે.

(૨) હાલમાં સુરત મહાનગરપાલિકામાં ઈ–ટેન્ડર પધ્ધતિથી જે ટેન્ડર મંગાવવામાં આવે છે તેમાં સામાન્યરીતે ઓનલાઈન પ્રાઈસબીડ સબમીશનની અંતિમ તારીખ બાદ અમુક નકકી કરેલ દિવસમાં ટેન્ડરને લગતા જરૂરી ડોકયુમેન્ટસ (ટેન્ડર ફી, ઈ.એમ.ડી., રજીસ્ટ્રેશન, ટર્નઓવર, સોલવંન્સી સર્ટીફીકેટ, અનુભવના પ્રમાણપત્રો તેમજ અન્ય ડોકયુમેન્ટસ) અલગથી હાર્ડકોપીમાં મંગાવવામાં આવતા હોય છે. આ બાબતમાં મળેલ ફરીયાદ ધ્યાનમાં લેતાં ઈ–ટેન્ડર પધ્ધતિમાં ટેન્ડર માટે બાનાની રકમ (ઈ.એમ.ડી.) તથા ટેન્ડર ફી ના ડીમાન્ડ ડ્રાફટ ઓનલાઈન સ્કેન કરી ઈલેકટ્રોનિક ફોર્મેટમાં ટેન્ડર અપલોડ કરવાનો રહેશે. આ પ્રકારે રજુ થયેલ વિગતે બાનાની રકમ અને ટેન્ડર ફી મળેલ હોય તેની જ ઓફર ખોલવામાં આવશે. ખરેખર ચુકવણી માટે ટેન્ડર ભરનારે ડીમાન્ડ ડ્રાફટ અસલમાં રજીસ્ટર્ડ પોસ્ટ એ.ડી./ સ્પીડ પોસ્ટ થી એકાઉન્ટ ડીપાર્ટમેન્ટ (મેઈન ઓફીસ) માં અપલોડીંગની છેલ્લી તારીખથી નિયત કરેલ તારીખ સુધીમાં મળે તે અનુસાર રજુ કરવાના રહેશે. નિર્ધારીત સમયમર્યાદા સુરત મહાનગરપાલિકાની મુખ્ય હિસાબનીશની કચેરીમાં અસલ ડીમાન્ડ ડ્રાફટ ન પહોંચવાના કિસ્સામાં સીટી ઈજનેરશ્રીની નોંધ નંબર ૬૧, તા.૦૫/૦૨/૨૦૨૫ મુજબ નીચેના કોષ્ટકમાં જણાવેલ પેનલ્ટી પેટે રકમ વસુલવાની શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવશે.

| અ. નં. | ટેન્ડર રકમ | પેનલ્ટીની રકમ રૂા. |
|---|---|---|
| ૧ | રૂા. ૧.૦૦ કરોડ સુધી | ૧૦,૦૦૦/– |
| ૨ | રૂા. ૧.૦૦ કરોડ થી વધુ અને રૂા. ૧૦.૦૦ કરોડ સુધી | ૨૦,૦૦૦/– |
| ૩ | રૂા. ૧૦.૦૦ કરોડ થી વધુ અને રૂા. ૫૦.૦૦ કરોડ સુધી | ૩૦,૦૦૦/– |
| ૪ | રૂા. ૫૦.૦૦ કરોડ થી વધુ અને રૂા. ૧૦૦.૦૦ કરોડ સુધી | ૭૦,૦૦૦/– |
| ૫ | રૂા. ૧૦૦.૦૦ કરોડ થી વધુ | ૧,૦૦,૦૦૦/– |

જો ટેન્ડરર પેનલ્ટીની રકમ મહાનગરપાલિકામાં દિન–૧૦ (દસ) માં જમાં ન કરાવે તેવા સંજોગોમાં અને / અથવા જો ટેન્ડરર બીજી વખત આ પ્રકારની ચુક / ભુલ કરે તો,બીજી વખતે અસલમાં ડીમાન્ડ ડ્રાફટ ન પહોંચવાના કિસ્સામાં ઈજારદાર સામે શિક્ષાત્મક પગલા( ટેન્ડર ફી તેમજ બાનાની રકમ નિયત સમયમાં ઈજારદાર ન ભરે તો ઈજારદારની નોંધણી ૦૬ (છ) માસ માટે એબેન્સમાં રાખવાની કાર્યવાહી કરી ઈ–ટેન્ડરીંગનો કોડ ૦૬ (છ) માસ માટે રદ કરાશે.) લેવામાં આવશે. ટેન્ડર બીડનાં માટે જરૂરી આધાર માટેના કોઈપણ ડોકયુમેન્ટ ઓનલાઈન ઈલેકટ્રોનિક ફોર્મેટમાં સ્કેન કરી મોકલવાના રહેશે અને હાર્ડકોપી અલાયદી રીતે સ્વીકારવામાં આવશે નહિ.

(૬૫) "પે એન્ડ પાર્ક"નાં સંચાલન માટે ઈજારદાર ધ્વારા થયેલ વીજ વપરાશનું બીલ લાયસન્સ ફી ઉપરાંત અલગથી ઈજારદાર ધ્વારા આપવાનું / ભરવાનું રહેશે. તેમજ ઈજારો પૂર્ણ થતા સમગ્ર ઈજારા દરમિયાન સર્વીસ પ્રોવાઈડર ધ્વારા પાઠવવામાં આવેલ બીલ તેમજ તે ભર્યાની રસીદો સહિત તેઓ તરફથી કોઈ ચુકવણુ બાકી ન હોવાની ચોકસાઈ જુના ઈજારદારે નવા ઈજારદારને તેમજ ઝોનના સંબંધિત સ્ટાફને કરાવવાની રહેશે. ત્યાર બાદ ચકાસણીને અંતે યોગ્ય જણાયે ઈજારદારની તમામ પ્રકારની સીકયુરીટીની રકમ મુકત કરવાની કાર્યવાહી કરવામાં આવશે.

(૬૬) "પે એન્ડ પાર્ક"માં જરૂરીયાત મુજબના પૂરતા પ્રકાશની વ્યવસ્થા ઈજારદારે સ્વખર્ચે કરવાની રહેશે. તે માટે બલ્બ, ટયુબ લાઈટ વિગેરે ઈજારદારે પોતાના ખર્ચે વસાવી / લાવી લગાડવાના રહેશે.

(૬૭) "પે એન્ડ પાર્ક"માં સાફસફાઈની જવાબદારી ઈજારદારની રહેશે. તેમજ તેના ભંગ બદલ શરત નં. ૪૨ માં સમાવિષ્ટ પરિશિષ્ટમાં દર્શાવ્યા મુજબ દંડને પાત્ર રહેશે.

કાર્યપાલક ઈજનેર
સાઉથ વેસ્ટ (અઠવા) ઝોન
સુરત મહાનગરપાલિકા

**ઉકત તમામ શરતો મેં વાંચી છે અને મને કબુલ મંજુર છે.**

------------------------------
**ટેન્ડરરની સહી તથા સિકકો**
**તારીખઃ**

# AFFIDAVIT

Name of Work: -

………………………………………………………………………………………………………………………

……………………………………………………………………………………………………..………

- I the undersigned do hereby certify that all the statements made in the required attachments are true and correct. I also understand that in case of wrongful/false information, corporation is entitled to take any civil & criminal punitive action against me / us .
- The undersigned also hereby certifies that neither our firm M/S …………………………….. nor any constituent partners have abandoned any work in india nor any contract awarded to us has been rescinded during last five year, prior to the date of this bid.
- The undersigned hereby authorize (s) and request (s) any bank, person, authorities, government of public limited institutions, firm or corporation to furnish pertinent information deemed necessary and requested by the SMC to verify our statements of our competence and general reputation etc.
- the undersigned understands and agrees that further qualifying information may be requested and agrees to furnish any such information at the request of the SMC.
- The SMC and its authorized representatives are hereby authorized to conduct any inquiries of investigations to verify the statements, documents and information submitted in connection with this bid and to seek clarification from our bankers and clients regarding any financial and technical aspects. This Affidavit will also serve as authorization to any individual or authorized representative to any institution referred ti in the supporting information to provide such information deemed necessary and requested by representative of Surat Municipal Corporation to verify statements and information provide in the Tender of with regard to the resources, experience and competence of the Applicant.

………………………………………………………………..

Signed by the Authorize signatory of the firm

………………………………………………………………..

Title of the Office

………………………………………………………………..

Name of the firm

Date:

**Note:- The affidavit format as indicated above to be furnished on non-judicial stamp Paper of Rs.300 and duly notarized**

**UNDERTAKING BY THE TENDERER FOR NOT BLACK LISTED ON RS. 300/- GOVERNMENT STAMP PAPER**

I/We………………………………………. Address……………………………………… Solemnly affirm and state that on oath that ……………………… (Name of Tenderer) has not been black listed by any Government/Semi Government/Public Sector Undertaking/Public limited and not has been banned/suspended business dealings with the said firm. The information given above is true to the best of my knowledge. I/We agree that if any notice in future, my/our bid/tender shall be rejected/terminated.

SIGNATURE AND SEAL OF THE CONTRACTOR:

NAME AND ADDRESS:

DATE:

- **It is mandatory to submit the above UNDERTAKING through online (Notarized colour scan copy) and also in hard copy.**

## ANNEXURE

- E.M.D. & Tender fee shall be submitted in electronic format only through online (by scanning) while uploading the bid. This submission shall mean that E.M.D. & Tender fee are received for purpose of opening the bid. According, Offer / tenders of those tenders whose E.M.D. & tender fee is received for purpose of received for purpose of realization of EMD and Tender fee, bidder shall send the EMD as well as Tender fee in required format in original through RPAD/ Speed Post so as to reach to Account Department (Main Office) within 7 Days from the last date of submission of price bid, Punitive action shall be initiated for non submission of EMD & Tender fees in original to Account Department (Main Office) by bidder including abeyance of registration and cancellation of E-Tendering code for one year. All documents in supporting of bid shall be in electronic format only through online (by scanning) during the bidding period & hard copy will not be accepted separately.
- All documents must be colored scanned to be seen as original. Scanning in black and white of gray shall not be acceptable
- All the documents must be notarized with clearly displaying stamp, number and name of the notary.

**"Following Documents shall only be submitted in HARD COPY to Surat Municipal Corporation by all bidders."**

- Earnest Money Deposit as Mentioned in the tender. (i.e.D.D.)
- Tender fees as mentioned in the tender
- Affidavit on Non Judicial Stamp Paper of Rs.300/-
- Anti-Blacklisting Undertaking on Non Judicial Stamp Paper of Rs.300/-

## Statement showing the similar works on hand / in progress.

| Sr. No. | Name of Department / Client with Address | Name of work | Estimated cost of work put to tender | Tendered Amount | Date of award of contract | Target date of completion of work as per contract and date of completion of work if completed | | Actual Amount of work done | Time limit in year and months | | Reasons for delay in completion of work | Remarks |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | Target Date | % Progress till Date | | Original Y M | Extended (if any) Y M | | |
| 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7a | 7b | 8 | 9a | 9b | 10 | 11 |
| | | | | | | | | | | | | |

Signature of the contractor

Address

IMPORTANT INSTRUCTION TO TENDERER

1.
```
 ----------------------
 |  Affix latest     |
 |  passport size    |
 |  photo of         |
 |  tenderer         |
 |                   |
 |                   |
 ----------------------      ----------------------------------
                              Specimen Signature of the Contractor
```

2.
```
 --------------------------------------------------------------
 |      1      |      2      |      3      |     4      |
 |             |             |             |            |
 |  AFFIX LATEST PASSPORT SIZE PHOTOGRAPH OF ALL PARTNERS    |
 |  IN CASE OF PARTNERSHIP AGENCY|             |            |
 |             |             |             |            |
 |             |             |             |            |
 |             |             |             |            |
 --------------------------------------------------------------
```

Specimen signature of all partners incase of partnership agency.

1.______________________________

Submission of Registered

2.______________________________ Agreement is compulsery

in case of partnership

3.______________________________ agency.

4.______________________________

3. ~~Submission of income tax clearance certificate of last three years is complusery for tenderer submitting agency.~~

4. Submission of sale tax certificate, with proof of residence is compulsary for tenderer.

5. In case of Government royalty applicable to tenderer, it is compulsary to submit a receipt of royalty payment with tender.

6. The Photograph and specimen signature of contractor will be cross checked, whenever contractor receives payment in account section of SMC.

7. The specimen signature of contractor will be cross checked by Account Department of SMC, in case of representative of Contractor alongwith letter of authority of a person who signed an agreement, receives payment.

8. In case of octroi applicable to the goods of supplier/tenderer, the tenderer/suppler has to submit an attested copies of Xerox of all octroi receipts.

EXECUTIVE ENGINEER,
SOUTH-WEST (ATHWA) ZONE
SURAT MUNICIPAL CORPORATION,

SIGNATURE OF THE CONTRACTOR.


PAY & PARK AT BASEMEINT OF SCIENCE CENTRE, CITY LIGHT ROAD
(T.P. SCHEME NO. 4 UMARA-SOUTH, F.P. NO. 174)
PAY & PARK
RESERVED AREA
(STAFF PARKING)